श्रीकृष्णाय नमः

श्रुतिरुपगोपिकावर्णितनिखिलगुणाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

# શ્રી વેણુ ગીત

## શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધ

### અધ્યાય ૧૮ મો.

●

શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત પ્રમાણે શ્રીપુરુષોત્તમ નામ અને રૂપ એમ બન્ને પ્રકારે નિત્ય ક્રીડા કર્યા જ કરે છે. એ શ્રીપુરુષોત્તમનું સૂક્ષ્મ બીજરૂપ નામસ્વરૂપ તે ગાયત્રી કહેવાય છે. તે બીજરૂપ ગાયત્રીમાંથી કલ્પવૃક્ષરૂપ નામસ્વરૂપ પ્રકટ થયું તે વેદ કહેવાય છે, અને એ કલ્પવૃક્ષ વેદનું ફલ રસરૂપ નામસ્વરૂપ તે શ્રીમદ્‌ભાગવત છે. બીજ અને વૃક્ષ કરતાં રસરૂપ ફલ વધારે ઉત્તમ છે, વધારે સ્વાદદાયક છે, એમ સર્વનો અનુભવ છે. આ દૃષ્ટિથી જોતાં બીજરૂપ ગાયત્રી કરતાં અને કલ્પવૃક્ષ વેદ કરતાં પણ તેનું રસરૂપ ફલ શ્રીમદ્‌ભાગવત વધારે સુન્દર અને રસદાયક હોય એ સ્વાભાવિક જ છે, અને આ પ્રમાણે ગાયત્રી જેનું મૂલ છે, એવા કલ્પવૃક્ષરૂપ વેદના અર્થરૂપ-ફલરૂપ શ્રીમદ્‌ભાગવતશાસ્ત્ર કે જે બ્રહ્માનન્દ કરતાં પણ અધિક ભગવદ્‌રસનું સૌ સૌના અધિકાર પ્રમાણે ક્ષણે ક્ષણે પાન કરાવે છે, તે જ જીવનનું મુખ્ય ફલ છે, એમ સ્વાભાવિક જ્ઞાન થાય છે.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ ગાયત્રીભાષ્ય પ્રગટ કરીને ગાયત્રીનો ખરો અર્થ શું છે તે સારી રીતે સમજાવ્યો છે, અને તત્ત્વાર્થદીપનિબંધના શાસ્ત્રાર્થપ્રકરણમાં ગીતાશાસ્ત્રનો અર્થ બહુ ટૂંકમાં સારી રીતે સમજાવ્યો છે, અને કૃપા કરી તેનાપર પ્રકાશ નામની ટીકા પણ પોતે જ લખી છે. વળી વ્યાસસૂત્ર ઉપર શ્રીઅણુભાષ્ય કરી સૂત્રનો અર્થ બહુ સારી રીતે સ્પષ્ટ કર્યો છે, અને આ પ્રમાણે ગાયત્રી, ગીતા અને સૂત્ર ઉપર બહુ સુન્દર વિવેચન કરી ત્રણ પ્રસ્થાનની અન્દર રહેલા રસાત્મક પ્રભુના ભજનાન્દની રૂપરેખાનું આનન્દદાયક દર્શન કરાવ્યું, અને ત્યાર પછી ચોથા પ્રસ્થાન શ્રીમદ્‌ભાગવતમાં ત્રિવિધ[1] દુઃખ હરણ કરનાર શ્રીહરિ જે આનન્દરૂપ શ્રીકૃષ્ણ છે તેની

---

૧. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક.

અગાધ લીલામાં પ્રવેશ કરી જીવોને પ્રભુની લીલાનું અવગાહન કરાવી નિરોધનું દાન કર્યું શ્રી-સુબોધિનીજીમાં પદે પદે વિરલ આનન્દનો અનુભવ થાય છે, અને કોટિમાં વિરલ અત્યંત અંતરંગ શ્રીપદ્મનાભદાસ વગેરે જ તેનો યથાર્થરૂપે અનુભવ કરી શકે છે શ્રીસુબોધિનીજી એટલાં તો શબ્દથી અને અર્થથી ગંભીર છે, કે તે ગાયત્રીનાં પણ ગાયત્રી છે, વેદનાં પણ વેદ છે. ગી ાનાં પણ ગીતા છે, સૂત્રનાં પણ સૂત્ર છે, એટલું જ નહિ પરંતુ સર્વ દર્શનનાં દર્શનરૂપ છે, ફલનાં ફલરૂપ છે, રસનો પણ રસ છે. આવા ઉત્તમ શ્રીસુબોધિનીજીના 'શ્રીવેણુગીત' નામના એક અધ્યાયનું આપણે આનન્દથી અવગાહન કરીશું. શ્રીમદ્ભાગવતના બાર સ્કન્ધમાં ૩૩૨ અધ્યાય છે, તેમાં શ્રીપુરૂષોત્તમની અનન્ત લીલાનું પ્રતિપાદન સર્ગ, વિસર્ગ, વગેરે દશ ભાગમાં બહુ સુન્દર રીતે કરેલું છે. આશ્રયસુધીની બાર લીલામાં દશમી નિરોધલીલા જ શ્રીપુરુષોત્તમના હૃદયરુપ છે અને તેથી જ તે બહુ ગૂઢ છે. ૮૭ અધ્યાયના આ નિરોધસ્કન્ધમાં પાંચ પ્રકરણ છે, તેમાં પ્રથમ જન્મપ્રકરણ છે. નિરોધ ભક્તિથી પણ અધિક છે, તેથી નિરોધનું દાન કરવાને સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપે જ પોતે જ પ્રકટ થાય છે, તેથી પ્રથમ જન્મપ્રકરણમાં સ્માર્ત ત્રિમૂર્તિ પરિપૂર્ણ શ્રીપુરૂષોતમના પ્રાકટ્યનું સુન્દર વર્ણન છે. શ્રીપુરુષોત્તમનું સ્વરુપ તે જ ફલ, તે સિવાય બીજું કાંઇ ફલ જ કહેવાય નહિ એમ આ ભકિતમાર્ગનો મુખ્ય સિદ્ધાન્ત છે, બીજુ કાંઈ ફલ કહેવાતું હોય તો તે શ્રીપુરૂષો--તમના સંબધને લીધે જ. શ્રીપુરૂષોતમના ફલાત્મક સાક્ષાત્ સ્વરુપનો સંબધ જેવો તામસ કહેવાય છે, તે ભકતને થાય છે તેવો બીજા કોઇને પણ થતો નથી. અહીં તામસ શબ્દ દઢ આસકિતસૂચક ભાવવાચક છે, સામાન્ય અર્થમાં નથી, તેથી '**अधो गच्छन्ति तामसाः ।**' 'કનિષ્ટ ગુણની વૃતિવાળા તામસ જીવોની અધોગતિ થાય છે' (ગી. ૧૪–૧૮) એમ જે સામાન્ય રીતે કહેવાય છે, તે પણ આ સ્થલમાં થતી નથી, એટલું જ નહિ પણ ઉલટું તેમની ઉચ્ચગતિ જેવી થાય છે તેવી બીજા કોઈની પણ થતી નથી. સાત્ત્વિક જીવની અભિરૂચિ શાસ્ત્રમાં કહેલા જ્ઞાનમાર્ગને વિષે હોય છે અને રાજસ જીવ તો હંમેશા કર્મ કરવામાં આસકત હોય છે, તેથી સ્વભાવનો વિજય ન થયેલો હોવાથી જ્ઞાનમાર્ગમાં આસકત સાત્ત્વિક જીવને અને લૌકકઅલૌકિક કર્મોમાં આસકત ચિત્તના વિક્ષેપવાળા રાજસ જીવને ફલરુપ શ્રીપુરૂષોત્તમના સ્વરૂપનું સ્મરણ હોતું નથી, અને મહારસરૂપ ઉત્તમોત્તમ ફલરૂપ નિરોધ તેમને સિદ્ધ થઈ શકતો નથી, એથી ઉલટુ તામસ જીવ તો મૂઢ હોય છે. તેથી જ્યાં તેનુ ચિત દઢતાથી લાગે તે વસ્તુમાંથી તેનો આગ્રહ જતો જ નથી, એ વાત લોકમાં પણ પ્રસિદ્ધ છે. તામસ વ્રજજનનો ફલરૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપને વિષે એવો તો દઢ સ્વાભાવિક સ્નેહ થઈ ગયો હતો કે સાક્ષાત્ ભગવાને તેમને ધર્મનો ઉપદેશ દશ શ્લોકથી કર્યો તો પણ ધર્મી સ્વરૂપને છોડીને તે ધર્મનો અંગીકાર કરવાની તેમની લેશમાત્ર પણ ઈચ્છા થઈ નહિ, અને આગળ જતાં પ્રભુસ્વરૂપથી ભિન્ન જ્ઞાનનો પણ ઉદ્ધવજીદ્વારા મોકલેલા સંદેશાનો સ્વીકાર ન જ કર્યો. સાર એ કે સર્વાત્મભાવથી નિરોધ તો કેવલ શ્રીવ્રજજનને જ ફલીભૂત થયો. આમ તામસ ધર્મને સામ્ય (સરખાપણુ) હોવાથી અને પુષ્ટિમાર્ગની ગતિ મર્યાદામાર્ગથી વિપરીત હોવાથી જન્મપ્રકરણ પછીના અઠ્ઠાવીશ અધ્યાયના પ્રકરણને તામસપ્રકરણ કહેવામાં આવ્યું છે. ખરી રીતે તો એ નિર્ગુણ જ છે, અને જે નિસાધન ભાગ્યવાન્ ભગવદીયોને નિરોધનું દાન કરવાને પરિપૂર્ણ શ્રીપુરૂષોત્તમ સાક્ષાત્ ભૂતલ ઉપર પ્રકટ થયા તે શ્રીવ્રજજન પણ તામસ નથી પણ નિર્ગુણ જ છે. "મારી ભકિત વાળા મારા જ સ્વરૂપાત્મક યોગીને ઘણું ખરું જ્ઞાન કે વૈરાગ્ય હિતકારક નથી" [ભા ૧૧-૨૦-૩૧] "સ્વર્ગ, નરક અને મોક્ષને સમાન રીતે જુએ છે" (ભા ૬-૧૭-૨૮) વગેરે વાકયોથી જ્ઞાન અને વૈરાગ્યથી સાધ્ય મોક્ષને પણ તેઓ નરકતુલ્ય ગણે છે, તેથી ભકિતમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ વગેરે